**IN THE COURT OF PRINCIPAL DISTRICT & SESSIONS JUDGE, PANCHMAHALS AT-GODHRA**

**Present : J. C. Doshi, Sessions Judge**

Common Judgment Dt: 23/09/2022

## Sessions Case NO. 49/2021
## and
## Sessions Case NO. 110/2021

( 1st C.R.No.11207061210210 of 2021 [Shahera Police Station]
I. P. C. Section 498A, 306, 114.

## Sessions Case NO. 49/2021

**GJPM010018402021**

| | |
|---|---|
| કેસ દાખલ તારીખ | ૨૮–૦૭–૨૦૨૧ |
| કેસ રજીસ્ટરે નોંધ્યા તારીખ | ૨૮–૦૭–૨૦૨૧ |
| કેસ ફેંસલ કર્યા તારીખ | ૨૩–૦૯–૨૦૨૨ |

| | | | |
|---|---|---|---|
| સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | ૦૧ | ૦૧ | ૨૫ |

## FORM-A

| | |
|---|---|
| Complainant | **શ્રી સરકાર** |
| REPRESENTED BY | વિ.જિલ્લા સરકારી વકીલ શ્રી આર.એસ.ઠાકોર |
| ACCUSED | **અલ્પેશભાઈ મથુરભાઈ પગી,** ઉ.વ.૨૩<br>રહે. ગોબાની મુવાડી વિજાપુર,<br>તા.શહેરા, જિ.પંચમહાલ. |
| REPRESENTED BY | આરોપીના વિ.વકીલ શ્રી એમ.સી.ચૌહાણ |

# FORM-B

| | |
|---|---|
| Date of Offence | 29-03-2021 કલાક 15/00 વાગ્યે |
| Date of FIR | 03-04-2021 કલાક 13/30 વાગ્યે |
| Date of Chargesheet | 04-09-2021 |
| Date of Framing of Charges | 17-12-2021 |
| Date of commencement of evidence | 24-12-2021 |
| Date on which judgement is reserved | 13-09-2022 |
| Date of the Judgment | 23-09-2022 |
| Date of the Sentencing Order, if any | -- |

## Accused Details

| Rank of the Accused | Name of Accused | Date of Arrest | Date of Release on Bail | Offence charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Detention Undergone during Trial for purpose of section 428, Cr.PC |
|---|---|---|---|---|---|---|---|
| Accuse | અલ્પેશભાઈ મથુરભાઈ પગી | 30-5-21 | 17-09-21 Release on Bail | I.P.C. Section 498A, 306,114 | Acquitted | -- | -- |

# Sessions Case NO. 110/2021

| | | |
|---|---|---|
| GJPM010032942021 | કેસ દાખલ તારીખ | ૧૭–૧૨–૨૦૨૧ |
| | કેસ રજીસ્ટરે નોંધ્યા તારીખ | ૧૭–૧૨–૨૦૨૧ |
| | કેસ ફેંસલ કર્યા તારીખ | ૨૩–૦૯–૨૦૨૨ |
| | સમયગાળો : વર્ષ ૦૦ માસ ૦૯ દિવસ ૦૬ | |

## FORM-A

| | |
|---|---|
| Complainant | **શ્રી સરકાર** |
| REPRESENTED BY | વિ.જિલ્લા સરકારી વકીલ શ્રી આર.એસ.ઠાકોર |
| ACCUSED | ૧. અરવિંદભાઈ ઉર્ફે જશવંતભાઈ મથુરભાઈ પગી<br>૨. રેખાબેન તે અરવિંદભાઈ મથુરભાઈ પગી<br>૩. કમળાબેન તે મથુરભાઈ સાભઈ પગી<br>ત્રણેય રહેવાસી–વિજાપુર, ગોબાની મુવાડી, તા.શહેરા, જિ.પંચમહાલ. |
| REPRESENTED BY | આરોપીના વિ.વકીલ શ્રી એમ.સી.ચૌહાણ |

## FORM-B

| | |
|---|---|
| Date of Offence | 29-03-2021 કલાક 15/00 વાગ્યે |
| Date of FIR | 03-04-2021 કલાક 13/30 વાગ્યે |
| Date of Chargesheet (પુરવણી ચાર્જશીટ) | 08-09-2021 |
| Date of Framing of Charges | 23-02-2022 |

| | |
|---|---|
| Date of commencement of evidence | 11-03-2022 |
| Date on which judgement is reserved | 13-09-2022 |
| Date of the Judgment | 23-09-2022 |
| Date of the Sentencing Order, if any | -- |

## Accused Details

| Rank of the Accused | Name of Accused | Date of Arrest | Date of Release on Bail | Offence charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Detention Undergone during Trial for purpose of section 428, Cr.PC |
|---|---|---|---|---|---|---|---|
| Accuse No.1 | અરવિંદભાઈ ઉર્ફે જશવંતભાઈ મથુરભાઈ પગી | 12-8-21 | 18-08-21 Release on Bail | I.P.C. Section 498A, 306,114 | Acquitted | -- | -- |
| Accuse No.2 | રેખાબેન તે અરવિંદભાઈ મથુરભાઈપગી | 12-8-21 | 16-07-21 Release on Bail | " | " | -- | -- |
| Accuse No.3 | કમળાબેન તે મથુરભાઈ સાભઈ પગી | 12-8-21 | 16-07-21 Release | " | " | -- | -- |

## :: સંયુકત ચૂકાદો ::

(૧) ઉપરોકત બંને સેસન્સ કેસ એક જ ગુનાના સંદર્ભે રજૂ થયેલ મુખ્ય અને સહાયક ચાર્જશીટના આધારે દાખલ થયેલ છે. આરોપીઓના વિ.વકીલ શ્રી એમ.સી. ચૌહાણએ આંક–૧૧ થી અરજી રજૂ કરી બંન્ને સેશન્સ કેસ એક સાથે કોન્સોલીડેટ

કરી ચલાવવાની કરેલ અરજી મંજૂર રાખતા બંન્ને સેસન્સ કેસમાં આરોપીઓ સામે આંક–૯ અને આંક–૪ થી ચાર્જફ્રેમ કર્યા બાદ સેસન્સ કેસનો તમામ પુરાવો, સેસન્સ કેસ નં.૪૯/૨૦૨૧ ને મુખ્ય કેસ ગણી તેમાં નોંધવામાં આવેલ છે અને તે સંજોગોમાં આ બંન્ને સેસન્સ કેસનો નિર્ણય સંયુકત ચૂકાદાથી કરેલ છે.

(૨) આ બંન્ને સેસન્સ કેસમાં આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.કલમ ૩૦૬, ૪૯૮(ક), ૧૧૪ મુજબના ગુનાની ટ્રાયલ ચલાવવામાં આવેલ છે.

**<u>ફરીયાદપક્ષના કેસની હકિકત</u> :–**

(૩) ફરિયાદપક્ષના કેસની ટૂંક હકિકત એવી છે કે, તા.૨૯/૩/૨૦૨૧ ના રોજ PW-5 કમળાબેન પ્રભાતભાઈ બારીઆએ શહેરા પોલીસ સ્ટેશને જઈ એવી હકીકત જાહેર કરેલ કે, તે દિવસે ચારેક વાગ્યે તેણી ઘરે હાજર હતી ત્યારે તેણીના પતિ જશવંતભાઈ જગતસિંહ બારીઆ, રહે.ધાંધલપુરનાં મોબાઈલ ઉપર પાલીખંડા ગામના મહેન્દ્રભાઈ ભારતભાઈનો ફોન આવેલો અને જણાવેલ કે, કમળાબેનની પુત્રી પારૂલ જેના લગ્ન બનાવના આશરે અઢી વર્ષ પહેલા વિજાપુરના રહીશ અલ્પેશભાઈ મથુરભાઈ પગી સાથે થયેલા તે બપોરના ત્રણ વાગ્યે મહુડાના ઝાડ ઉપર ગળે ફાંસો ખાઈ લટકી ગયેલ છે જેથી કમળાબેન અને તેના સગાવ્હાલા ખાનગી વાહનમાં વિજાપુર પહોંચેલા અને ત્યાં તેણીની દિકરી પારૂલની લાશ ઓસરીમાં ખાટલામાં સુવડાવેલ હતી અને તેના ગળાના ભાગે કાળો કાપો જોયેલો. આરોપી અલ્પેશભાઈ મથુરભાઈ પગીને આ બાબતે પુછતાં આરોપીએ જણાવેલ કે તેણીએ ગળે ફાંસો અડધો કિલોમીટર દૂર તેમના ખેતરમાં આવેલ મહુડાના ઝાડની ડાળી ઉપર લટકીને ગળે ફાંસો ખાઈ ગયેલ છે. આ બાબતની જાહેરાત શહેરા પોલીસ સ્ટેશનમાં કમળાબેન તેમના છોકરા ભુપેન્દ્ર તથા ભત્રીજો જશવંતભાઈ સાથે લઈ

કરેલી, આ જાહેરાત – અકસ્માત મોત નં.૧૦/૨૦૨૧ થી નોંધાયેલ અને ત્યારબાદ શહેરા પોલીસે આ જાહેરાતના આધારે આગળની તપાસ શરૂ કરેલી તે તપાસ દરમ્યાન PW-5 કમળાબેન પ્રભાતભાઈ બારીઆએ તા.૦૩/૪/૨૧ ના રોજ આંક–૨૭ વાળી ફરીયાદ શહેરા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી, જે ફરીયાદ પ્રમાણે તેણીની પુત્રી પારૂલના લગ્ન આરોપી અલ્પેશભાઈ મથુરભાઈ પગી સાથે અઢી વર્ષ પહેલા થયેલા. એક વર્ષ ઘરસંસાર સારો ચાલેલો પરંતુ તેના થોડા સમયથી તેણી રીસાઈને ઘરે આવતી હતી અને તેણીએ આ ફરીયાદી અને તેના ભાઈ ભુપેન્દ્રને જણાવેલ કે, આરોપી તેને સારૂ રાખતા નથી અને મારઝુડ કરે છે અને તેણીને પત્નિ તરીકે રાખવી નથી તથા ઘરના બીજા સભ્યો એટલે કે બીજા આરોપીઓ જેઠ–જેઠાણી, સાસુ  થતા હોય જેઓ પણ તેણીને જુદાજુદા બહાને હેરાન કરે છે. વળી એવી પણ હકીકત જણાવેલ કે, લગ્નના અઢી વર્ષ થયા છતા પુત્ર સંતાન થતુ નથી અને તે બાબતના મહેણાટોણાં મારી આરોપી અલ્પેશને બીજી પત્ની કરાવવી છે તેમ કહી માનસિક ત્રાસ આપતા પરંતુ પારૂલનો ઘરસંસાર તૂટે નહી તેથી ફરીયાદી કમળાબેન અને અન્ય સાહેદો તેણીને સમજાવી તેની સાસરીમાં મોકલતા હતા અને આરોપીને આ બાબબતે સમજાવતા હતા.

(૪) ઉપરોકત બનાવ બાબતની હકીકત જણાવ્યા બાદ મરણજનાર પારૂલે તા.૨૯/૩/૨૦૨૧ ના રોજ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરેલ હોય અને આ આત્મહત્યાનું કારણ આરોપીઓ એટલે કે, અલ્પેશભાઈ મથુરભાઈ પગી– મરણજનારના પતિ અને તેના જેઠ અરવિંદભાઈ પગી, જેઠાણી રેખાબેન અને સાસુ કમળાબેન વારંવાર ઝઘડો કરતા હોય અને માનસિક અને શારીરિક ત્રાસ આપતા હતા અને તે ત્રાસ સહન ન થતા મરણજનાર પારૂલે આત્મહત્યા કરેલ હોય તે બાબતની ફરીયાદ દાખલ કરતાં, આ ફરીયાદ શહેરા પોલીસ સ્ટેશને ગુના રજી.

નંબર ૧૧૨૦૭૦૬૧૨૧૦૨૧૦/૨૦૨૧ થી ઈ.પી.કો.કલમ ૪૯૮(ક), ૩૦૬, ૧૧૪ મુજબનો ગુનો નોંધી તે બાબતનું સુચીપત્ર અને ડેપ્યુટ હુકમ આંક-૩૯ અને ૪૦ વાળો ઈસ્યુ થતા તપાસ કરનાર અધિકારીને આ તપાસ સોંપવામાં આવેલી. તપાસના અધિકારીએ આ તપાસ સંભાળ્યા બાદ અકસ્માત મોત નં.૧૦/૨૦૨૧ ના કામે થયેલ ઈન્કવેસ્ટ પંચનામું, સ્થળ પંચનામું અને અન્ય કાર્યવાહીના કાગળો સંભાળેલ અને જુદાજુદા સાક્ષીના નિવેદનો લીધેલા. તપાસ દરમ્યાન આરોપી અલ્પેશભાઈ મથુરભાઈ પગી મળી આવતા તેના વિરુધ્ધનું ચાર્જશીટ શહેરાના એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં ક્રિમીનલ કેસ નં.૧૦૨૭/૨૦૨૧ થી આરોપી અલ્પેશભાઈ મથુરભાઈ પગી વિરુધ્ધ દાખલ કરેલું અને બાકીના આરોપીઓ પણ તપાસ દરમ્યાન મળી આવતા તેઓ વિરુધ્ધ ક્રિમીનલ કેસ નં.૧૨૧૮/૨૦૨૧ થી ચાર્જશીટ દાખલ કરેલું.

(૫) આક્ષેપિત ગુનો ચલાવવાની એકમાત્ર સત્તા સત્ર અદાલતને હોય એડીશ્નલ ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ શહેરાએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૯ હેઠળ બંન્ને ક્રિમીનલ કેસ કમીટલ હુકમ ધ્વારા કમીટ કરતા તે બંન્ને કેસો, સેસન્સ કેસ નંબર ૪૯/૨૦૨૧ અને ૧૧૦/૨૦૨૧ થી રજીસ્ટરે લેવાયેલ.

(૬) આ બંન્ને કેસો ઓપન કરી બંન્ને કેસમાં અનુક્રમે આંક-૯ સેશન્સ કેસ નં.૪૯/૨૦૨૧) થી અને આંક-૪ (સેશન્સ કેસ નં.૧૧૦/૨૦૨૧) થી આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.કલમ ૪૯૮(ક), ૩૦૬, ૧૧૪ મુજબનું તહોમતનામું ફરમાવવામાં આવેલું અને આરોપીઓ વિરુધ્ધ પ્લી લેતાં પોતાને ગુનો કબુલ ન હોવાનું અને કેસની કાર્યવાહી આગળ ચલાવવા માંગણી કરતા આ કેસ ફરીયાદપક્ષના પુરાવા રજૂ કરવા માટે રાખવામાં આવેલો.

**<u>પુરાવાની વિગત</u> :-**

(૭) ફરીયાદપક્ષે આરોપીઓ સામેનું તહોમત પુરવાર કરવા માટે કુલ-૧૧ મૌખિક પુરાવા અને કુલ-૧૯ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. આરોપી દ્વારા કે કોર્ટ દ્વારા કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી. સેસન્સ કેસમાં રજુ થયેલાની વિગત નીચે મુજબ છે.

FORM-C

LIST OF PROSECUTION/DEFENCE/COURT WITNESS

## A. Prosecution

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
|---|---|---|
| PW-1 | છત્રસિંહ રયજીભાઈ બારીઆ | ઈન્કવેસ્ટ પંચ |
| PW-2 | અભેસિંહ કાભઈભાઈ પગી | બનાવવાળી જગ્યાના પંચ |
| PW-3 | વિક્રમસિંહ રાયસીહ પગી | બનાવવાળી જગ્યાના પંચ |
| PW-4 | ડો.અશ્વિન ભગતસિંહ રાઠોડ | મરણજનાર પારૂલનું પી.એમ. કરનાર મેડીકલ ઓફીસર |
| PW-5 | કમળાબેન પ્રભાતભાઈ બારીયા | ફરિયાદી/મરણજનારની માતા |
| PW-6 | ભુપેન્દ્રભાઈ પ્રભાતભાઈ બારીયા | હીયર વિટનેશ/મરનારનો ભાઈ |
| PW-7 | જશવંતસિંહ જગતસિંહ બારીઆ | હીયર વિટનેશ/કુટુંબી ભાઈ |

| | | |
|---|---|---|
| PW-8 | ઉર્મિલાબેન જશવંતસિંહ બારીઆ | હીયર વિટનેશ/ મરનારની ભાભી |
| PW-9 | મુકેશભાઈ ગજુભાઈ બારીઆ | હીયર વિટનેશ/કુટુંબી ભાઈ |
| PW-10 | ગોરાભાઈ સબુરભાઈ બારીઆ | પી.એસ.ઓ. |
| PW-11 | નીલમબેન રમેશભાઈ ઢોડીયા | તપાસ કરનાર અધિકારી |

## B. Defence Witnesses, if any:

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
|---|---|---|
| DW-1 | Nil | Nil |
| DW-2 | Nil | Nil |

## C. Court Witnesses, if any:

| RANK | NAME | NATURE OF EVIDENCE (EYE WITNESS, POLICE WITNESS, EXPERT WITNESS, MEDICAL WITNESS, PANCH WITNESS, OTHER WITNESS) |
|---|---|---|
| CW-1 | Nil | Nil |
| CW-2 | Nil | Nil |

**LIST OF PROSECUTION/DEFENCE/COURT EXHIBITS**

## A. Prosecution:

| Sr.No | Exhibit Number | Description |
|---|---|---|
| 1 | Exhibit -13 / PW- 1 | ઈન્કવેસ્ટ પંચનામું |
| 2 | Exhibit - 16 / PW- 2 | બનાવવાળી જગ્યાનું પંચનામું |
| 3 | Exhibit -24 / PW- 4 | પી.એમ.નોટ અસલ |
| 4 | Exhibit -26 / PW- 5 | અકસ્માત મોત અંગે ફરીયાદીએ આપેલ જાહેરાત |
| 5 | Exhibit -27 / PW- 5 | ફરિયાદીની ફરીયાદ અસલ |
| 6 | Exhibit -35 / PW- 10 | તપાસ સોંપણીની યાદી |
| 7 | Exhibit -36 / PW- 10 | ગુનાનું સુચીપત્ર |
| 8 | Exhibit -38 / PW- 11 | એફ.એસ.એલ.નો મુદ્દામાલ પૃથ્થકરણ અહેવાલ |
| 9 | Exhibit -39 / PW- 11 | અકસ્માત મોતનું સુચીપત્ર |
| 10 | Exhibit -40 / PW- 11 | અકસ્માત મોતની તપાસ સોંપ્યાની યાદી |
| 11 | Exhibit -41 / PW- 11 | ઈન્કવેસ્ટ ભરવા માટે એકઝી.મેજી.શહેરાને લખેલ યાદી |
| 12 | Exhibit -42 / PW- 11 | લાશનું પી.એમ.કરવા માટે મેડીકલ ઓફીસરને લખેલ યાદી |
| 13 | Exhibit -43 / PW- 11 | તૈયાર કરેલ મરણોત્તર ફોર્મ |
| 14 | Exhibit -44 / PW- 11 | લાશ મેડીકલ ઓફીસર પાસેથી મેળવ્યાની પાવતી |

| | | |
|---|---|---|
| 15 | Exhibit -45 / PW- 11 | લાશ મરણજનારના કુટુંબીજનોને અંતિમવિધી માટે સોંપ્યાની પાવતી |
| 16 | Exhibit -46 / PW- 11 | એફએસએલ મોબાઈલનો સ્થળ પરીક્ષણ અહેવાલ અસલ |
| 17 | Exhibit -47 / PW- 11 | ના.પો.અધિક્ષકશ્રી ગોધરાને સત્તા અંગેના પ્રમાણપત્રમાં સહીસિક્કા કરી આપવાનો પત્ર |
| 18 | Exhibit -48 / PW- 11 | મુદ્દામાલ એફ.એસ.એલ.ને મળ્યાનો પત્ર અને રવાનગી નોંધ |
| 19 | Exhibit - 51 | પુરાવા બંધનું પુરસીસ |

**B. Defence**

| Sr.No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1 | Nil | Nil |
| 2 | Nil | Nil |

**C. Court**

| Sr.No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1 | Nil | Nil |
| 2 | Nil | Nil |

**D. Material Objects:**

| Sr. No. | Material Object | Description |
|---|---|---|

| | Number | |
|---|---|---|
| 1 | MO 1 | Nil |
| 2 | MO 2 | Nil |
| 3 | MO 3 | Nil |

(૮) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ વિ.સરકારી વકીલશ્રીની ડ્રોપીંગ કમ કલોઝીંગ પુરસીસ રેકર્ડ ઉપર લીધા બાદ આરોપીઓ વિરુધ્ધ ઉપસ્થિત થતા આક્ષેપિત ગુના બાબતે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૩ પ્રમાણે વિશેષ નિવેદન નોંધવામાં આવેલ અને આરોપીઓએ વિશેષ નિવેદનમાં ફરીયાદપક્ષનો પુરાવો તેની હાજરીમાં થયેલ હોવાની હકિકત સ્વીકાર્યા બાદ આક્ષેપિત ગુનાની મોટા ભાગની હકિકત ખોટી હોવાનું કહયા બાદ ફરિયાદ ખોટી કરવામાં આવેલ છે અને ખોટું ચાર્જશીટ કરેલ છે અને આરોપીઓ નિર્દોષ છે તેવુ જણાવી તેઓને છોડી મુકવા રજુઆત કરેલ છે.

**<u>ફરીયાદપક્ષની દલીલ</u> :–**

(૯) શ્રી સરકાર તરફે વિ.સરકારી વકીલશ્રી આર.એસ.ઠાકોરએ મુખ્યત્વે રજુઆત કરતા જણાવેલ છે કે, હાલનો બનાવ અઢી વર્ષના લગ્નની અંદર બનેલો છે. સ્વીકૃત રીતે મરણજનારે આત્મહત્યા કરેલ છે અને તે હકિકત ઈન્કવેસ્ટ પંચનામું અને પી.એમ. કરનાર ડોકટરની જુબાનીથી સાબિત થયેલ છે.

**૯/૧.** વિશેષમાં રજુઆત કરતા વિ.સરકારી વકીલશ્રી ઠાકોરે જણાવેલ છે કે, ભારે બનાવ સાથે સંકળાયેલ તમામ સાક્ષીઓ જે મરણજનારના નજીકના સગા છે તેઓ ફરી ગયેલા સાક્ષી તરીકે જાહેર થયેલ હોય એવીડન્સ એકટની કલમ ૧૧૩(એ) પ્રમાણે જયારે લગ્નના સાત વર્ષની અંદર કોઈ પરિણિતાએ

આત્મહત્યા કરેલ હોય ત્યારે તેણીને ઈ.પી.કો.કલમ ૪૯૮(ક) માં વ્યાખ્યાહિત કરવામાં આવેલ દુ:ખ ત્રાસ હતો તેવુ અને તે દુ:ખ ત્રાસના કારણે તેણીએ આત્મહત્યા કરેલ છે તેવુ અનુમાન કરી શકાય.

**૯/૨.** વિશેષમાં રજુઆત કરતા વિ.સરકારી વકીલશ્રી ઠાકોરે જણાવેલ છે કે, સમાજમાં અવારનવાર સ્ત્રીઓને દુ:ખ ત્રાસ આપવાના બનાવ બને છે અને તે દુ:ખ ત્રાસના કારણે સ્ત્રીઓ આત્મહત્યા કરે છે તે સંજોગોમાં ભલે ફરીયાદ પક્ષના મોટા ભાગના સાક્ષી હોસ્ટાઈલ થયેલ હોય સમાજમાં દાખલો બેસે તે હકિકતે આરોપીને તેની સામેના તહોમતનામા પ્રમાણે તકસીરવાર ઠરાવી યોગ્ય સજા કરવા રજુઆત કરેલ છે.

**<u>આરોપીપક્ષની દલીલ</u> :–**

(૧૦) સામાપક્ષે આરોપીના વિ.વકીલ શ્રી એમ.સી.ચૌહાણએ મુખ્યત્વે રજૂઆત કરેલ છે કે, ફરીયાદપક્ષના તમામ સાક્ષીઓ હોસ્ટાઈલ થયેલ છે. મરણજનારને આરોપીઓએ દુ:ખ ત્રાસ આપેલ હોય અને તે દુ:ખ ત્રાસના કારણે તેણીને આત્મહત્યા કરવા દુષ્પ્રેરણ થયેલ હોય તેવુ સાબિત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ છે અને તે સંજોગોમાં એવીડન્સ એકટની કલમ ૧૧૩(એ) ની પ્રમાણે આરોપીને તકસીરવાર ઠરાવી શકાય નહીં.

**૧૦/૧.** વિશેષમાં રજૂઆત કરતા વિ.વકીલશ્રી ચૌહાણએ જણાવેલ છે કે, એવીડન્સ એકટની કલમ ૧૧૩(એ) નું અનુમાન એ કાયદાકીય અનુમાન છે પરંતુ કાયદાકીય અનુમાનને ધ્યાને લેતાં પહેલાં ફરીયાદપક્ષે પાયાની હકીકતો જેવી કે સતત અને અવિરત માનસિક અને શારીરિક દુ:ખ ત્રાસ અને તે દુ:ખ ત્રાસ આત્મહત્યા કરવા મરણજનારને દુષ્પ્રેરેલ છે તે સાબિત કરવાની ફરજ ફરિયાદીની

છે તે હાલના કેસમાં ફરીયાદપક્ષ કરી શકેલ ન હોય આરોપીને ફરીયાદપક્ષના પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવા જણાવેલ છે.

**નિર્ણય અર્થે ઉપસ્થિત થયેલા મુદ્દા :–**

(૧૧) આ સેશન્સ કેસના નિર્ણય અર્થે નીચે મુજબના **મુદ્દાઓ** ઉપસ્થિત થયેલ છે.

**૧) શું ફરીયાદપક્ષ શંકાથી પર રીતે સાબિત કરે છે કે, મરણજનાર પારૂલે મહુડાના ઝાડ ઉપર દુપટ્ટા/સાડી વડે લટકી ફાંસો ખાઈ આત્મહત્યા કરેલ છે ?**

**૨) શું ફરીયાદપક્ષ શંકાથી પર રીતે સાબિત કરે છે કે, આરોપીઓએ મરણજનાર પારૂલને પુત્ર સંતાન થતુ ન હોય અને તે માટે બીજી પત્નિ લાવવી છે તેવુ જણાવી સતત રીતે શારીરિક અને માનસિક દુ:ખ ત્રાસ આપતા તા.૨૯/૩/૨૦૨૧ ના રોજ મરણજનાર પારૂલે તેના ઘરેથી દોઢ કિ.મી. દૂર આવેલ તેના ખેતરમાં આવેલ મહુડાના ઝાડ ઉપર દુપટ્ટા/ સાડી વડે ફાંસો ખાઈ આત્મહત્યા કરેલ છે અને આ આત્મહત્યા કરવા માટે આરોપીઓએ દુ:ખ ત્રાસ અને પ્રોત્સાહન કરેલ હોય તે રીતે આરોપીઓએ ઈ.પી.કો.કલમ ૪૯૮(ક), ૩૦૬ મુજબનો ગુનો કરેલ છે ?**

**૩) શું ફરીયાદપક્ષ પુરવાર કરે છે કે, એવીડન્સ એકટની કલમ ૧૧૩(એ) નાં અનુમાનને આધારે આરોપીઓને તકસીરવાર ઠરાવવા યોગ્ય છે ?**

**૪) શું હુકમ ?**

(૧૨) **ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે મુજબ છે.**

**મુદ્દા નં.૧ :– હકારાત્મક**

**મુદ્દા નં.ર :– નકારાત્મક**

**મુદ્દા નં.૩ :– નકારાત્મક**

**મુદ્દા નં.૪ :– આખરી હુકમ મુજબ**

## –: કા ર ણો :–

**મુદ્દા નં.૧ :–**

(૧૩) મરણજનાર પારૂલે તેના ઘરેથી દૂર આવેલ ખેતરમાં રહેલ મહુડાના ઝાડા ઉપર સાડી વડે લટકી જઈ ફાંસો ખાઈ ગયેલ હોય તે બાબતે આરોપીઓ તરફે કોઈ વિશેષ તકરાર નથી તેમ છતાં **PW- 1** આંક–૧ર ની જુબાની જોઈએ તો, તેઓ આંક–૧૩ ના ઈન્કવેસ્ટ પંચનામાના પંચ છે અને તેમની જુબાની પ્રમાણે તેઓ શહેરા સરકારી દવાખાને ગયેલ ત્યારે પોષ્ટમોર્ટમ રૂમમાં તેને પારૂલની લાશ જોયેલી અને પારૂલની લાશના ગળાના ભાગે કાળા કલરનું અર્ધગોળાકાર નિશાન હતુ અને તેના મોંઢામાંથી પ્રવાહી નીકળતુ હતું અને તે સિવાય તેના શરીર પર અન્ય કોઈ ઈજા નહતી. આ હકિકતનું ઈન્કવેસ્ટ પંચનામું નોંધાયેલ છે. **PW- 4** તરીકે પી.એમ. કરનાર ડો. અશ્વિન ભગતસિંહ રાઠોડને આંક–ર૩ થી તપાસેલ છે તેઓ તેમની જુબાનીમાં પેરા–૯ માં આંક–ર૪ વાળા પી.એમ.રીપોર્ટના કોલમ નં.૧૭ માં નોંધાયેલ ઈજા સબંધે નીચે મુજબની જુબાની આપેલ છે.

*''ગળાના ભાગે ડાર્ક બ્રાઉનીસ કલરનો અર્ધ ૧૫ સેમી લાંબુ લીગેચર માર્ક હતુ તે ગળાની ડાબી બાજુ તથા ગળાના પાછળના ભાગે હતુ. ગળાના મધ્ય ભાગથી ચાલુ કરી તે પાછળની બાજુ તથા ઉપરની બાજુ માસ્ટોઈડ પ્રોસેસ તરફ જતુ હતુ. ડાબા જડબાના એન્ગલથી ર સેમી નીચે તથા ડાબી બાજુ*

*માસ્ટોઈડ પ્રોસેસથી ૭ સેમી નીચે હતુ, તેની પહોળાઈ બે થી અઢી સેમી જેટલી હતી. તેની માર્જીન કંટીયુઝ અને એબરેડ હતી. આજુબાજુની ચામડીથી આ લીગેચર માર્ક થોડો ઉંડો હતો તથા પ્લાસ્ટીકના પેપર જેવો હતો તથા જમણી બાજુના જડબા આગળ લીગેચર માર્કનુ નીશાન હતુ, તેની લંબાઈ ૪ સેમી અને પહોળાઈ બે થી અઢી સેમી હતી. આ લીગેચર માર્ક જે હતુ તે મૃત્યુ પહેલાનુ હતું.''*

અને ત્યારબાદ મૃત્યુનું કારણ જણાવતા પેરા–૧૭ માં એવુ જણાવે છે કે, પેનલ ડોકટરના અભિપ્રાય પ્રમાણે ગળાના ભાગે લીગેચર માર્ક દબાતા શ્વાસ રૂંધાવાથી અને લટકી જવાના કારણે શ્વાસોશ્વાસની પ્રક્રિયા થંભી જવાથી પારૂલનું મૃત્યુ થયેલું. આંક–૨૪ ની પી.એમ.નોટમાં કોઝ ઓફ ડેથની હકીકત દર્શાવવામાં આવેલ છે જે હકિકત ધ્યાને લેતાં મરણજનાર પારૂલનું મૃત્યુ તેણીએ મહુડાના ઝાડ ઉપર તેણીએ જાતે સાડીથી લટકી જઈ ફાંસો ખાઈ કરેલ હોય તે હકિકતે તેણીએ આત્મહત્યા કરેલ હોવાનું સ્પષ્ટ થાય છે જેથી **મુદ્દા નંબર–૧ નો જવાબ ''હકારાત્મક''** આપવામાં આવે છે.

**મુદ્દા નંબર–૨ :–**

(૧૪) ફરીયાદપક્ષનો એવો આક્ષેપ છે કે, મરણજનાર પારૂલને આરોપીઓ તેણીને લગ્નના અઢી વર્ષ બાદ પુત્ર સંતાન થતુ નથી અને તે કારણે બીજી પત્નિ લાવવી છે તેવુ જણાવી શારીરિક અને માનસિક દુ:ખ ત્રાસ આપતા હતા જેથી મરણજનાર પારૂલએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરેલી ?

(૧૫) ફરીયાદપક્ષે આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કો.કલમ ૪૯૮(ક), ૩૦૬ નાં ગુનાનો આક્ષેપ કરેલ છે, જે જોતાં ઈ.પી.કો.કલમ ૪૯૮(ક), ૩૦૬ અને તેની

સાથે કલમ ૧૦૭ વંચાણે લેવી જરૂરી બને છે જે નીચે મુજબ છે.

**કલમ ૪૯૮–ક : સ્ત્રીનો પતિ અથવા પતિના સગાં તેણીને ક્રુરતાનો ભોગ બનાવે :–**

*કોઈ સ્ત્રીનો પતિ અથવા પતિના સગાં હોય તે કોઈ પણ તેવી સ્ત્રીને ક્રુરતાનો ભોગ બનાવે તેને ત્રણ વર્ષ સુધીની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.*

**સમજૂતી : આ કલમના હેતુઓ માટે 'ક્રૂરતા' એટલે –**

*(ક) એવા પ્રકારનું ઈરાદાપૂર્વકનું વર્તન કે જે સ્ત્રીને આત્મહત્યા કરવા પ્રેરે અથવા પોતાની જાતને ગંભીર ઈજા પહોંચાડે અથવા જીદગી, શરીરના કોઈ અવયવ કે (માનસિક કે શારીરિક) આરોગ્યને ભયમાં મૂકવા પ્રેરે, અથવા*

*(ખ) સ્ત્રીને ત્રાસ, જયાં આવો ત્રાસ તેણી અથવા કોઈ પણ વ્યકિત કે જે તેણીના સગાં થતા હોય તે દબાણથી કોઈ મિલકત કે કીમતી જામીનગીરી માટેની કોઈ ગેરકાનૂની માંગણી પૂરી કરે તે માટે હોય અથવા તે સ્ત્રી કે તેણીના સગાં આવી માંગણી સંતોષી શકયા ન હોય તે માટે હોય.*

**કલમ ૩૦૬ : આત્મહત્યામાં મદદગારી :–**

*કોઈ પણ વ્યકિત, આત્મહત્યા કરે તો તેને તેમ કરવામાં કોઈ વ્યકિતએ મદદગારી કરી હોય તેને દસ વર્ષ સુધીની બેમાંથી કોઈ પ્રકારની કેદની સજા કરવામાં આવશે તથા તે દંડને પાત્ર પણ થશે.*

**કલમ ૧૦૭ : કોઈ બાબતમાં મદદગારી :–**

*કોઈ વ્યકિત કે જે –*

***પહેલું** – કોઈ બાબત કરવા માટે અન્ય વ્યકિતને ચઢવણી કરે; અથવા*

***બીજું** – કોઈ બાબત કરવા માટે અન્ય એક કે વધુ વ્યકિતઓ સાથે કાવતરામાં સામેલ થાય અને તે કાવતરાના અનુસંધાને કોઈ બાબત કરવામાં આવે કે તે કરવાનું ગેરકાનૂની રીતે ટાળવામાં આવે; અથવા*

***ત્રીજું** – કોઈ બાબત કરીને અથવા કરવાનું ગેરકાનૂની રીતે ટાળીને કોઈ બાબત કરવામાં ઈરાદાપૂર્વક સહાય કરે –*

*તે, તે બાબતમાં મદદગારી કરે છે.*

***સમજૂતી ૧ :–** એક વ્યકિત, જાહેર કરવા બંધાયેલી હોય તેવી મહત્વની હકીકતની જાણીબુઝીને ગેરરજૂઆત કરે અથવા છુપાવીને સ્વેચ્છાપૂર્વક કોઈ બાબત કરે કે કરાવે અથવા કરાય કે કરાવવા કોશિશ કરે તે,*

*– તે બાબતમાં ચઢવણી કરે છે તેમ કહેવાય.*

(૧૬) ઉપરોકત કાયદાકીય પ્રબંધો ધ્યાને લેતાં આરોપીનું ઈરાદપૂર્વકનું વર્તન જે ક્રૂરતા ગણાય તે સાબિત કરવાની જવાબદારી ફરીયાદપક્ષ ઉપર છે. ક્રૂરતા તથા ત્રાસ શબ્દ રોજબરોજના વ્યવહારમાં ઉપયોગમાં લેવાતા શબ્દો છે તે બાબતની વ્યવહારિક સમજદારી એવી રીતે વિકસવા પામેલ છે કે આ શબ્દો વાસ્તવમાં કાનૂની પરિભાષા હોવા છતાં તમામ સમજી શકે છે. શબ્દકોશીય અર્થ મુજબ ક્રૂરતામાં સામાન્ય રીતે નિર્દયતા અને ઘાતકીપણાંનો સમાવેશ થાય છે. ઈ.પી.કો.કલમ ૪૯૮(ક) માં 'ક્રૂરતા' શબ્દ સમજૂતી દ્વારા વ્યાખ્યાહીત કરવામાં આવેલ છે. આ કલમની પ્રથમ સમજૂતી પ્રમાણે તેમાં ઈરાદાપૂર્વકનું વર્તનનો

સમાવેશ કરવામાં આવેલ છે. આમ, ઈરાદાપૂર્વકનું વર્તન જે ગમે તે હોઈ શકે પરંતુ તે એવુ હોવુ જોઈએ કે તે રોજબરોજના પતિપત્ની વચ્ચેની સામાન્ય બોલચાલ નહિ પરંતુ, હેતુપૂર્વક અને તે પત્નિને આત્મહત્યા કરવા માટે પ્રેરે તેવુ હોવુ જોઈએ. ઈ.પી.કો.કલમ ૧૦૭, ૩૦૬ સાથે વંચાણે લેતાં મરણજનારને કોઈ વ્યકિત આત્મહત્યા કરવા માટે કોઈ વ્યકિત મદદગારી કરે ત્યારે તેને સજા થવા પાત્ર છે. આ મદદગારી સંદર્ભે મદદગારી કરનાર વ્યકિતનું કૃત્ય અથવા તેવુ કૃત્ય ન કરવાના પરિણામે મરણજનારને આત્મહત્યા કરવા દુષ્પ્રેરણ મળતુ હોય ત્યારે મરણજનારે આવા દુષ્પ્રેરણ પરિણામે આત્મહત્યા કરેલ છે તેવુ માની શકાય.

(૧૭) શું ફરીયાદપક્ષનો પુરાવો ઉપરોકત કાનૂની પરિસ્થિતિ સાબિત કરે છે તે હવે પછીનો સવાલ છે. આ બાબતે ફરીયાદપક્ષ તરફથી રજૂ થયેલ પુરાવા જોવામાં આવે તો, **PW-5** એ બનાવના દિવસે આંક–૨૬ વાળી અકસ્માત મોત જાહેરાત શહેરા પોલીસ સ્ટેશનમાં જાહેર કરેલ છે અને તે સમયે સમયે તેણીએ આ અકસ્માત મોતની જાહેરાત દરમ્યાન આરોપીઓ ઉપર મરણજનાર પારૂલને કોઈપણ દુ:ખ હોય અને તેના કારણે મરણજનારે આત્મહત્યા કરેલ હોય તેવુ દર્શાવેલ નથી. ત્યારબાદ અચાનક તા.૩/૪/૨૦૨૧ ના રોજ **PW-5** ફરીયાદીએ આજ બનાવ સંદર્ભે મરણજનાર પારૂલને આરોપીઓ તરફથી શારીરિક અને માનસિક દુ:ખ ત્રાસ હોવાના આક્ષેપ સાથે આંક–૨૭ વાળી ફરીયાદ દાખલ કરેલી. જો કે આંક–૨૭ વાળી ફરીયાદમાં માનસિક અને શારીરિક દુ:ખ ત્રાસ બાબતે કોઈ ચોકકસ બનાવો દર્શાવેલા નથી. આ હકિકત ધ્યાને લીધા બાદ ફરીયાદપક્ષ ધ્વારા રજૂ થયેલ પુરાવો જોઈએ તો, ફરીયાદી કમળાબેન પ્રભાતભાઈ બારીયાને ફરીયાદપક્ષે **PW-5** આંક–૨૫ થી તપાસેલા છે. તેમના જણાવ્યા પ્રમાણે તેની દિકરી પારૂલના લગ્ન વિજાપુર મુકામે આરોપી અલ્પેશભાઈ

મથુરભાઈ પગી સાથે જ્ઞાતિના રીત રીવાજ પ્રમાણે કરાવેલા. તેની દિકરી ત્યારબાદ તેની સાસરીમાં રહેતી હતી. વિશેષ જણાવેલ છે કે, તેની દિકરી પારૂલનો સ્વભાવ ગરમ હતો અને તે કોઈપણ વાતે માઠુ લાગતા પીયરમાં આવતી રહેતી હતી. તેની દિકરી અને તેના પતિ વચ્ચે બીજી કોઈ માથાકૂટ ન હતી. તેની દિકરીએ તેને દુ:ખ ત્રાસ હતો તેવુ કયારેય જણાવેલ નથી. વિશેષ એવુ જણાવે છે કે, તેના જમાઈ આરોપી નં.૧ દિકરી સાથે ઘરે આવતા અને તેના સાસરીના અન્ય વ્યકિતઓ પણ સારા નરસા પ્રસંગે ફરીયાદીના ઘરે આવતા અને ફરીયાદી અને કુટુંબીજનો પારૂલના ઘરે જતા હતા. ફરીયાદી ત્યારબાદ ફરી ગયેલ જાહેર થયેલ છે અને વિ. સરકારી વકીલશ્રી ધ્વારા પુછવામાં આવેલ સૂચક સવાલોમાં ફરીયાદીએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી.

(૧૮) ફરીયાદપક્ષે **PW-6** તરીકે આંક–૨૯ થી મરણજનાર પારૂલના સગા ભાઈ ભૂપેન્દ્રભાઈ પ્રભાતભાઈ બારીયાને તપાસેલા છે. તેણે પણ તેની જુબાનીમાં જણાવેલ છે કે, પારૂલ પ્રસંગોપાત ઘરે આવતી હતી. પારૂલે કોઈ ત્રાસ મતભેદ બાબતે વાતચીત કરેલ નથી. આરોપીએ તેણીને મારઝુડ કરી કાઢી મુકેલ હોય તેવુ પણ જણાવેલ નથી અને પારૂલ અને આરોપીને સમજાવી તેણીને સાસરીપક્ષમાં મોકલેલ હોય તેવુ પણ બનેલ નથી. આ સાહેદ પણ ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર થયેલા છે અને વિ.સરકારી વકીલશ્રીએ પુછેલ સૂચક સવાલોમાં પણ આ સાહેદે ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ નથી. આજ પ્રકારની જુબાની **PW-7** જશવંતસિંહ જગતસિંહ બારીયાએ આંક–૩૦ થી આપેલ છે. આ જશવંતસિંહ મરણજનાર પારૂલના કાકાનો દિકરો થતા હતા. જશવંતસિંહના પત્નિ ઉર્મિલાબેનને ફરીયાદપક્ષે **PW-8** આંક–૩૧ થી તપાસેલ છે. તેણીએ પણ આજ પ્રકારની જુબાની આપેલ છે. મરણજનાર પારૂલના અન્ય

કુટુંબી ભાઈઓ મુકેશભાઈ ગજુભાઈ બારીયા **PW-9** ને આંક–૩૨ થી ફરીયાદપક્ષે તપાસેલા છે. તેઓએ પણ પોતાની જુબાનીમાં આજ પ્રકારની હકીકતો દર્શાવેલ છે.

(૧૯) ફરીયાદપક્ષે ઉપરોકત સાહેદો સિવાય **PW-2** તરીકે અભેસિંહ કાભઈભાઈ પગીને આંક–૧૫ થી અને **PW-3** તરીકે વિક્રમસિંહ રાયસીહ પગીને આંક–૧૭ થી તપાસેલ છે અને તેઓ આંક–૧૬ વાળા સ્થળ પંચનામાના પંચો છે અને તેઓ બંન્ને હોસ્ટાઈલ જાહેર થયેલા છે.

(૨૦) ફરીયાદપક્ષે **PW-10** થી પી.એસ.ઓ. ગોરાભાઈ સબુરભાઈ બારીઆને આંક–૩૪ થી તપાસેલા છે. તેઓ સમક્ષ ફરીયાદીએ પોતાની ફરીયાદ જાહેર કરેલી અને ફરીયાદ જાહેર થયા બાદ સાહેદે તે ફરીયાદ નોંધી લીધેલી અને આગળની તપાસ સબંધીત પોલીસ અધિકારીને સોંપેલી.

(૨૧) **PW-11** તરીકે તપાસ કરનાર અધિકારી નીલમબેન રમેશભાઈ ઢોડીયાને આંક–૩૭ થી તપાસેલા છે, તેઓએ તેમની તપાસને અનુરૂપ જુબાની રજૂ કરેલ છે.

(૨૨) આમ, ઉપરોકત રજૂ થયેલ સમગ્ર પુરાવો જેમનો તેમ વંચાણે લેવામાં આવે તો, આ પુરાવામાં આરોપીઓ મરણજનાર પારૂલને શારીરિક અને માનસિક દુ:ખ ત્રાસ આપતા હોય અને તે શારીરિક અને માનસિક દુ:ખ ત્રાસના કારણે મરણજનારને પુત્ર સંતાનનો જન્મ થયેલ ન હોય અને બીજી પત્નિ લાવવી છે તેવુ સાબિત કરવામાં સદંતર નિષ્ફળ ગયેલ છે. આ સંજોગો અને હકિકતોને ઈ.પી.કો.કલમ ૪૯૮(ક) તથા ૩૦૬ નાં તત્વો સાથે વંચાણે લેતા ફરીયાદપક્ષ મરણજનારને આરોપીઓ દુ:ખ ત્રાસ આપતા હોય કે તેવો હેતુપુર્વકનો દુ:ખ ત્રાસ

મરણજનાર પારૂલને આત્મહત્યા કરવા મજબુર કરેલ હોય તેવુ સાબીત કરવામાં સદંતર નિષ્ફળ નિવડેલ છે. આ હકિકતે **મુદ્દા નં.૨ નો જવાબ '' નકારાત્મક''** આપવામાં આવે છે.

**મુદ્દા નંબર ૩ :–**

(૨૩) શું ફકત એવીડન્સ એકટની કલમ ૧૧૩(એ) નાં અનુમાનના આધારે આરોપીને ઈ.પી.કો.કલમ ૪૯૮(ક), ૩૦૬ નાં ગુનામાં તકસીરવાર ઠરાવી શકાય ?

ચોકકસ રીતે એવીડન્સ એકટની કલમ ૧૧૩(એ) એવુ જણાવે છે કે, જો મરણજનાર પત્નિએ લગ્નના સાત વર્ષના ગાળામાં આત્મહત્યા કરેલ હોય તો તેને આત્મહત્યા અને આરોપી અને તેના સગાઓએ આપેલ 'ક્રૂરતા' ને પરિણામે તેણે આત્મહત્યા કરેલ એવુ માની શકાય.

(૨૪) **નામદાર સુપ્રિમ કોર્ટે, આનંદ મોહન વિરુધ્ધ સ્ટેટ ઓફ વેસ્ટ બંગાલ, ૨૦૦૭ (૧૦) એસસીસી – ૭૭૪ નાં** ચૂકાદામાં એવીડન્સ એકટની કલમ ૧૧૩(એ) અન્વયે નીચે મુજબ અવલોકન કરેલું છે.

***S.113 A raises a presumption against the accused, subject of course to the following conditions:-***

*(a) That the husband or any member of his family had subjected the married woman to cruelty within the meaning of s.498A IPC.*

*(b) The presumption is not mandatory; it is only permissive according to the facts and circumstances of a given case.*

*(c) A consideration of all the other circumstances of the case may strengthen the presumption or may cause the Court to*

*abstain from drawing the presumption.*

(૨૫) અત્રે **નામદાર સુપ્રિમ કોર્ટના રાજબાબુ વિરુધ્ધ સ્ટેટ ઓફ એમપી, ૨૦૦૮(૧૭) એસસી – પર૬ નાં** ચૂકાદાનું પણ અવલોકન ધ્યાને લેવુ જરૂરી છે, જે નીચે મુજબ છે.

> *"The mere fact that a woman committed suicide within seven years of her marriage and that she had been subjected to cruelty by her husband or any relative of her husband, does not automatically give rise to the presumption that the suicide had been abetted by her husband or any relative of her husband. The Court is required to look into all the other circumstances of the case."*

(૨૬) આમ, ઉપરોકત કાનૂની પરિસ્થિતિ ધ્યાને લેતા ફકત એવીડન્સ એકટની કલમ ૧૧૩(એ) નાં અનુમાન આધારે આરોપીને તકસીરવાર ઠરાવી શકાય નહી. એવીડન્સ એકટની કલમ ૧૧૩(એ) એ કોઈ નવો ગુનો ઉપસ્થિત કરતી નથી પરંતુ, રેકર્ડ ઉપરની હકિકત ધ્યાને લેતાં જે હકિકત અનુમાનને સમર્થન કરતી હોય તો અનુમાનને હકિકત સાથે સાંકળી અને તેને કડીરૂપે ધ્યાને લઈ આરોપીને તકસીરવાર ઠરાવી શકાય પરંતુ, અગાઉ ચર્ચા કર્યા પ્રમાણે ફરીયાદ પક્ષના તમામ સાહેદો મરણજનાર પારૂલના માતા–પિતા અને નજીકના સગાઓ છે અને તેઓ ફરી ગયેલા જાહેર થયેલા છે અને ફરી ગયેલા જાહેર થયા બાદ પણ ફરીયાદપક્ષને સમર્થન આપેલ નથી અને તેથી ફકત કાયદાકીય અનુમાનના આધારે મરણજનાર પારૂલએ લગ્નના પાંચ વર્ષમાં આત્મહત્યા કરેલ

છે તે કારણસર અન્ય પુરાવાની ગેરહાજરીમાં આરોપીને તકસીરવાર ઠરાવી શકાય નહી જેથી **મુદ્દા નં.૩ નો જવાબ ''નકારાત્મક''** આપું છું.

(૨૭) ઉપરોકત ચર્ચાના અંતે આરોપીઓ વિરુધ્ધ આક્ષેપિત ગુનો શંકાથી પર રીતે સાબિત થતો ન હોય નિર્ણય માટે ઉપસ્થિત કરવામાં આવેલ મુદ્દાના જવાબ તે રીતે આપી આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકતો હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**:: આ ખ રી હુ ક મ ::**

**૧.** આ કામે **સેસન્સ કેસ નં.૪૯/૨૦૨૧** નાં આરોપી **અલ્પેશભાઈ મથુરભાઈ પગી** રહે. ગોબાની મુવાડી વિજાપુર, તા.શહેરા, જિ.પંચમહાલ અને **સેસન્સ કેસ નં.૧૧૦/૨૦૨૧** નાં આરોપીઓ નંબર **(૧) અરવિંદભાઈ ઉર્ફે જશવંતભાઈ મથુરભાઈ પગી, તથા (૨) રેખાબેન તે અરવિંદભાઈ મથુરભાઈ પગી અને (૩) કમળાબેન તે મથુરભાઈ સાભઈ પગી** ત્રણેય રહેવાસી વિજાપુર, ગોબાની મુવાડી, તા.શહેરા, જિ.પંચમહાલ નાઓને શહેરા પોલીસ સ્ટેશન ગુના રજી. નંબર ૧૧૨૦૭૦૬૧૨૧૦૨૧૦/૨૦૨૧ ઈ.પી.કો.કલમ ૪૯૮(ક), ૩૦૬, ૧૧૪ મુજબના તહોમતમાંથી જરૂરી પુરાવાના અભાવે **ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ ૨૩૫(૧) મુજબ** નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામે કબજે લીધેલ મુદ્દામાલ બિનકિંમતી હોય આ મુદ્દામાલનો અપીલ સમય પૂરો થયા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

**3.** સદર બંન્ને સેસન્સ કેસનાં આરોપીઓ જામીન મુકત હોય તેઓના જામીનખત

વિમુકત કરવામાં આવે છે. જો કે આ જામીનખત આરોપી ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબના જામીન રજૂ ન કરે ત્યાં સુધી ચાલુ રહેશે.

**૪.** ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭(એ) મુજબ આરોપી અપીલ/રીવીઝન થવાના પ્રસંગે એપેલેટ કોર્ટ સમક્ષ હાજર રહેશે તેવી ખાત્રી માટે પ્રત્યેક આરોપીએ **રૂા.૫,૦૦૦/–**(અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી રકમના જાત મુચરકા આપવાના રહેશે.

**૫.** આ સંયુકત ચુકાદાને સેસન્સ કેસ નં.૪૯/૨૦૨૧ માં રાખી તેની સર્ટીફાઈડ નકલ સેશન્સ કેસ નં.૧૧૦/૨૦૨૧ માં રાખવી.

હુકમ આજ **તારીખ ૨૩'મી માહે–સપ્ટેમ્બર, સને ૨૦૨૨** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, મારી સહી કરી જાહેર કર્યો.

**તા.૨૩–૦૯–૨૦૨૨** **(જીતેન્દ્ર સી. દોશી)**
**સત્ર ન્યાયાધિશ,**
**ગોધરા.** **પંચમહાલ, ગોધરા.**
**UID કોડ નં.જીજે ૦૦૯૦૯**

કે.એમ.પટેલ

District & Sessions Court, Panchmahals, Godhra
सत्यमेव जयते